# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા રાષ્ટ્રિય પોષણ સપ્તાહની ઉજવણી

1 સપ્ટેમ્બર થી 7 સપ્ટેમ્બર  રાષ્ટ્રિય પોષણ સપ્તાહ ના ભાગરૂપે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ દ્વારા જુદા જુદા કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ. 1 સપ્ટેમ્બર 2016 ના રોજ કેવિકે અરણેજના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ગુંદિ ગામ ખાતે આવેલ ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા ના વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય, ખેતી અને પશુપાલન વિષય ઉપર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રામમાં શાળાના 450 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તા. 2 સપ્ટેમ્બર દરમ્યાન કેવિકે અરણેજ દ્વારા સાણંદ અને દસક્રોઇ તાલુકાના 100 ખેડૂતોને  મહાત્મા મંદિર, ગાંધિનગર ખાતે આયોજીત ફૂડ પ્રોસેસીંગના સેમીનારમાં લઇ જવામાં આવેલ જેમાં ખોરાકમાં પ્રોસેસીંગના મહત્વ વિશે માહિતી આપવામાં આવેલ. તા. 3 સપ્ટેમ્બરના રોજ કોઠ ગામની માધ્યમિક શાળાના 100 વિદ્યાર્થીઓની કેવિકે અરણેજ ખાતે મુલાકાતનું આયોજન કરવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓનું વજન અને ઉંચાઇ કરવામાં આવેલ અને તેના વિશે જાણકારી આપવામાં આવેલ. વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય અને ચોખ્ખાઇ ની માહીતી આપતા વિડીઓ દેખાડવામાં આવેલ. વિદ્યાર્થીઓને કેવિકે અરણેજ ફાર્મની મુલાકાત પણ કરાવવામાં આવેલ.  તા. 6 અને 7 સપ્ટેમ્બર દરમ્યાન કેવિકે અરણેજ કેન્દ્ર ખાતે 60 ખેડૂત ભાઇઓ અને બહેનોને વૈજ્ઞાનિકો દ્વારા સ્વાસ્થ્યલક્ષી માહિતી આપવામાં આવેલ.















ક્ષેત્રિય તાલીમ કાર્યક્રમ
રાષ્ટ્રીય પોષણ સપ્તાહ

ક્ષેત્રિય તાલીમ કાર્યક્રમ
રાષ્ટ્રીય પોષણ સપ્તાહ